# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11/06/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રીના 12 વર્ષના સફળ શાસનની ઉજવણી અંતર્ગત રાજ્યમાં સ્વચ્છતા અભિયાન સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા.**
2. **કૃષિમંત્રી જીતુ વાઘાણીએ ખાતર, બિયારણમાં ગેરરીતિ આચરતા તત્વો સામે કડક પગલાં ભરવા નિર્દેશ આપ્યા.**
3. **રાજ્યમાં આજથી નર્મદા નહેરોમાંથી સિંચાઈ માટે પાણી છોડાશે.**
4. **ગુજરાતના આઠ વરિષ્ઠ IPS અધિકારીઓ આજથી બે દિવસ સરહદી ગામોની મુલાકાત લઈ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરશે.**
5. **આણંદના મોગર નજીક ખાનગી ડેરીમાંથી શંકાસ્પદ ૪૦૦ કિલો માવો અને 100 કિલો પનીર ઝડપાયું.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PM MODI LONEGEST PM CELE.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી તરીકે સૌથી લાંબા સમય સુધી અવિરત સેવા આપવાનો નવો રેકોર્ડ બનાવતા રાજ્યભરમાં વિશેષ ઉજવણી થઈ રહી છે.

આ ઉજવણીના ભાગ રૂપે વલસાડ જિલ્લા ભાજપ પરિવારે શહેરના ભીડભંજન મહાદેવ મંદિર ખાતે પૂજા અને મહાઆરતીનું આયોજન કર્યું હતું.

ભાવનગર પશ્ચિમ વિસ્તારમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી લોકો સાથે સંવાદ સાધ્યો હતો. આ સાથે જ શિહોરના મુક્તેશ્વર મંદિર ખાતે આયોજિત મહાઆરતીમાં નિમુબેન બાંભણિયાએ હાજરી આપી દેશના સુખ, સમૃદ્ધિ અને સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના કરી હતી.

સાથે જ શહેર ભાજપ અધ્યક્ષ કુમાર શાહની અધ્યક્ષતામાં ભાવનગર શહેર ભાજપે શહેરના જુદા જુદા સ્થળે આવેલ મહાપુરુષોની પ્રતિમાની સ્વછતાનો કાર્યક્રમ યોજ્યો હતો.

વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણના 12 વર્ષની ઉજવણી નિમિત્તે અંબાજી મંદિરમા વિશેષ પૂજા-અર્ચના સાથે મંત્રી પ્રવીણ માળીની ઉપસ્થિતિમાં મહાઆરતી યોજાઈ અને દેશની સુખાકારી, વિકાસ અને જનકલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

## BYTE- PRAVEEN MALI MINISTER

અરવલ્લી જિલ્લામા કેન્દ્ર સરકારના 12 વર્ષ પૂર્ણ થવાને લઈને વિવિધ કાર્યક્રમો યોજાયા. યાત્રાધામ શામળાજી ખાતે રાજ્યકક્ષાના મંત્રી અને આગેવાનોની હાજરીમા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયુ હતું. આ સાથે જ રાત્રિના સમયે મોડાસાના સોમનાથ મહાદેવ મંદિર ખાતે પણ મહા આરતી યોજાઈ હતી. વધુમાં ધારાસભ્ય ભિખુસિંહ પરમારે આ મુજબ જણાવ્યું હતું

**BYTE: BHIKHUSINHJI PARMAR, FORMER MINISTER**

અમદાવાદમાં રાજ્યમંત્રી દર્શના વાઘેલા જગન્નાથ મંદિર ખાતે મહાઆરતીમાં સહભાગી થયા હતા અને પ્રધાનમંત્રીના 'વિકસિત ભારત @૨૦૪૭' અંતર્ગત 'વિકસિત ગુજરાત @૨૦૪૭' ના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં રાજ્યમાં વિવિધ આયોજનો અને જનકલ્યાણલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા.

ડાંગ જિલ્લાના વઘઇ, આહવા અને સુબીર ખાતે યોજાયેલી સ્વચ્છતા ઝુંબેશમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય વિજય પટેલ સફાઈ અભિયાનમાં જોડાયા હતા. ગ્રામજનોને સ્વચ્છતા, પર્યાવરણ જતન અને સામૂહિક જવાબદારી અંગે જાગૃત કરી સ્વચ્છતા પ્રત્યે પ્રેરિત કર્યા હતા.

પાટણ જિલ્લામા માર્ગ સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે વિવિધ માર્ગ વિકાસ કાર્યોના ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે ખાતમુહૂર્ત કર્યા હતા. આ સાથે જ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ જામનગર શહેરના રણમલ તળાવ ખાતે યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં જોડાય જણાવ્યું હતું કે સ્વચ્છતા એ માત્ર એક દિવસનો કાર્યક્રમ નથી, પરંતુ વર્ષના ૩૬૫ દિવસ ચાલતી આપણી નૈતિક જવાબદારી છે. સાથે જ પ્રધાનમંત્રીને જામનગરની ટીમ અને જનતા વતી શુભકામનાઓ પાઠવી હતી.

## JITU VAGHANI

રાજ્યના ખેડૂતોને ઉત્તમ ગુણવત્તાવાળું અને પૂરતા પ્રમાણમાં ખાતર, બિયારણ તેમજ જંતુનાશક દવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર અસરકારક પગલાં ભરી રહી છે.

કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ગેરરીતિ આચરતા તત્વો સામે કડક કાનૂની પગલાં ભરવા માટે કૃષિ વિભાગને નિર્દેશ આપ્યા છે. મંત્રીએ જણાવ્યું કે, ગુનાહિત પ્રવૃત્તિ આચરતા વિક્રેતા કે સંસ્થાઓ સામે PBM એક્ટ હેઠળ કાર્યવાહી કરાશે, આવી ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તત્વો સામે લાયસન્સ રદ થવા સાથે જેલ અને દંડની પણ કડક જોગવાઈ છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું કે, ખેડૂતોના હિતોના રક્ષણ માટે કૃષિ વિભાગ હસ્તકનું ગુણવત્તા નિયંત્રણ તંત્ર રાત-દિવસ એક કરીને સતત સતર્કતા સાથે કામ કરી રહ્યું છે. જગતના તાત સાથે ચેડાં કરનારા સંગ્રહખોરો અને ડુપ્લિકેટ માલ વેચનારાઓ સામે રાજ્ય સરકાર 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવી રહ્યું છે.

તપાસ બાદ માત્ર ત્રણ મહિનામાં કૃષિ વિભાગે ૫૪ લાયસન્સ સસ્પેન્ડ કર્યા છે, બે સામે પોલીસ ફરિયાદ દાખલ કરાઇ છે. ગત વર્ષે ૨૪૬ લાયસન્સ રદ કરી ૨૬ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

# NARMDA SINCHAI WATER

રાજ્યમાં આજથી નર્મદા નહેરોમાંથી સિંચાઈ માટે પાણી છોડાશે. ખેડૂતોના વ્યાપક હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ મહત્વનો નિર્ણય લીધો છે. નર્મદા કેનાલ વિસ્તારના ધારાસભ્ય અને સાંસદોએ સિંચાઈ માટે વહેલું પાણી છોડવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆતો કરી હતી.

મુખ્યમંત્રીએ આ રજૂઆતોને ધ્યાને લઇને નર્મદા યોજનાના વરિષ્ઠ અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવીને નર્મદા યોજનામાં ઉપલબ્ધ પાણીના જથ્થાની સમીક્ષા કરી હતી. ત્યારબાદ, શ્રી પટેલે ખેડૂતોના પાક માટે સિંચાઈના પાણીની જરૂરિયાત ધ્યાનમાં લઈને આયોજન કરતાં વહેલાં પાણી છોડવાના નિર્દેશો આપ્યા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

..................................

## PLANE CRASH

**આવતીકાલ ૧૨ જૂને એર ઇન્ડિયાની ફ્લાઇટ દુર્ઘટનાને એક વર્ષ પૂર્ણ થશે. આ વિમાન દુર્ઘટનામાં રાજ્યના વરિષ્ઠ નેતા વિજય રૂપાણી સહિત 261 લોકોએ જીવ ગુમાવ્યા હતા. રાજ્યમંત્રી પ્રફુલ્લ પાનશેરિયાએ આ ઘટનામાં જીવ ગુમાવનારા તમામ લોકોને શ્રદ્ધાંજલિ અપર્ણ કરી છે.**

**BYTE:  PRAFUL PANSHERIYA**

## IPS OFFICERS- BORDER VISIT

**ગુજરાતના આઠ વરિષ્ઠ IPS અધિકારીઓ આજથી બે દિવસ માટે પાકિસ્તાન સરહદ પાસે આવેલા ગુજરાતના સરહદી વિસ્તાર વાવ - થરાદ, પાટણ અને કચ્છ જિલ્લાના 16 બોર્ડર ગામની મુલાકાત લેશે. તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ**

સ્થાનિકોના ઘરે જ રાત્રિ રોકાણ કરશે. અધિકારીઓ દૂરના સરહદી વિસ્તારોમાં તૈનાત પોલીસ કર્મચારીઓ અને સ્થાનિક રહેવાસીઓ સાથે વાતચીત કરશે.

આ મુલાકાતનો મુખ્ય ઉદેશ્ય રાજ્યની આંતરરાષ્ટ્રીય અને આંતરરાજ્ય સરહદોની સુરક્ષાને વધુ અભેદ્ય બનાવવાનો તેમજ સીમાવર્તી વિસ્તારોના નાગરિકોની સુખાકારીનો છે. આ પ્રવાસમાં સરહદી પેટ્રોલિંગનુ નિરીક્ષણ, સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા અને ગામડાઓમાં રાત્રી બેઠકો કરવામાં આવશે.

## INEDIBLE QUANTITY

આણંદના મોગર નજીક ખાનગી ડેરીમાંથી શંકાસ્પદ ૪૦૦ કિલો માવો અને **100** કિલો પનીર ઝડપાયું. અમારા પ્રતિનિધિ જણાવે છે કે, આણંદ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતાં તત્વો સામે તંત્રએ કાર્યવાહી હાથ ધરી છે.

મળેલી સૂચના મુજબ આણંદ નજીકના મોગર ગામે અંબિકા ડેરી નામની ફર્મમાં મીઠાઈ બનાવવા માટે વપરાતો કાચો માલ તૈયાર કરીને સપ્લાય કરતી ફેક્ટરીમાં આણંદના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે છાપો માર્યો. દરમિયાન શંકાસ્પદ **400** કિલો માવો તથા **100** કિલો પનીર ઉપરાંત અખાદ્ય કાચો માલ પણ મળી આવ્યો હતો.

આ તમામ જથ્થો તંત્ર દ્વારા સીઝ કરવામાં આવ્યો હતો અને તેમાંથી નમુના લઈને લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે. લેબોરેટરીમાં તપાસ પૂર્ણ થયા બાદ મળનારા રિપોર્ટના આધારે સંબંધિત જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# BOMB THREAT

ગઇકાલે સવારે મુખ્યમંત્રી કાર્યાલય, કોર્પોરેશન તથા આરએસએસ ભવનમાં બોમ્બ મુક્યાંની ધમકી મળી હતી. ધમકી બાદ બૉંબ સ્ક્વોડ દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં કોઈ વાંધા જનક વસ્તુઓ ના મળતા રાહત અનુભવાઈ હતી.

આ બૉંબ થ્રેટની તપાસ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચને સોંપાઈ હતી. તપાસમાં જાણવા મળ્યું કે, ઈ-મેઈલ વીપીએન દ્વારા કરવામાં આવ્યો હતો. ઈ-મેઈલનો રૂટ અમેરિકા હોવાનો ખુલાસો થયો છે.

રાજ્ય પોલીસ વડાએ સમાચાર સંસ્થાઓને લોકોને ગભરાવતા બૉંબ થ્રેટના આવા સમાચારને વધારે હાઈલાઈટ ન કરવા વિનંતી કરી છે.

**BYTE - G. S. MALIK DGP, GUJARAT**

# AMRELI CYBER

અમરેલી જિલ્લા સાયબર ક્રાઇમ શાખા દ્વારા ઓપરેશન મ્યૂલ એકાઉન્ટ વેરિફિકેશન ડ્રાઈવ યોજાઇ. જેમાં એકથી વધુ ફરિયાદ નોંધાયેલ હોય તેવા 35 ખાતાધારકોનું વેરિફિકેશન કરાયું. જેમાં 15 આરોપી સામે દેશના અલગ અલગ રાજયોમાંથી 54 જેટલી ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું. ત્યારે પોલીસે પાંચ આરોપીને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**BYTE: SANJAY KHARAT SP, AMRELI**